(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર તાલુકાના જંકશન મથક ચિલોડા મોટા ખાતે ગુજરાત વિદ્યુત બોર્ડનું સબ સ્ટેશન આવેલું છે. આ કચેરી ખાતે ઘરવપરાશ તથા ટયુબવેલના લાઈટ બીલ ભરવા માટેની કચેરી આવેલી છે. ઘરવપરાશના બીલો ભરવાની સુવિધા ગ્રામ પંચાયત કચેરીએ કરવામાં આવી હતી. પરંતુ સરકારી સુખ-સુવિધા સગવડો થયા બાદ કયારેક ગ્રામ્ય કક્ષાએ સુવિધા છીનવાઈ જવાથી બીલ ભરવાની હાલાકી ગ્રાહકોને પડતી હોય છે. શરૂઆતમાં ચિલોડા ગ્રામ પંચાયત ખાતે વીજ બીલ ભરવાની સવલત ઉભી કરવામાં આવી હતી. સંજોગવશાત હવે બંધ થતાં ગામના લોકોને વોર્ડની કચેરીએ ભરવા જવાનો વારો આવ્યો છે. કચેરી ખાતે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ગ્રાહકો છેલ્લા દિવસે બીલ ભરવા આવતાં ભારે ધસારો થાય છે. પરીણામે બે બારીઓ પર ગ્રાહકો કલાકોના કલાક સવારથી લાંબી કતારોમાં ખડે પગે રહેતા ભારે મુશ્કેલી વેઠવી પડે છે. લોકમાંગણી મુજબ લાઈટ બીલ ભરવાની સવલતો ગ્રામ્ય સ્તરે થાય અથવા કચેરી ખાતે ખાસ સુવિધા ઉભી કરવા માંગ પ્રવર્તી રહી છે.

જમીનમાં ઓઈલ શોધવા વપરાતા ડીયુનીટ ચોરીને જતા ત્રણ ઝડપાયા

રૂ. ૧.૪૦ લાખના મુદ્દામાલ સાથે ગાંધીનગર એલ.સી.બી.એ ત્રણેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલથી તેરસાપરા ચોકડી તરફ જતા સોલા ચોકડી પાસેથી પટ્રોલીંગ દરમ્યાન ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી મળેલા મુદ્દામાલ અંગે સઘન પુછતાછમાં બહાર આવ્યું હતું કે જમીનમાં ઓઈલ શોધવા વપરાતા ડીયુનીટ તેમની પાસે હતા. તે ડીયુનીટ ચોરી કર્યા હતા. રૂ. ૧.૪૦ લાખની કિંમતના ૭ નંગ ડીયુનીટ સાથે ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પુછપરછમાં તે પૈકી એક શખ્સે ચોરી કરીને ડીયુનિટ બીજાને આપ્યા હતા અને ત્રીજો તેને ખરીદવા આવ્યો હતો.

જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે મિલકત સંબંધીત ગુનાઓ અટકાવવા તથા ગુનેગારો પકડવા ટીમને પેટ્રોલીંગમાં મોકલી હતી. પીએસઆઈ એચ.કે. સોલંકી, હે.કો. મનુજી, પો.કો. વિપુલકુમાર, જયવિંરસિંહ તથા સંદિપસિંહ સહિતના ટીમના માણસો કલોલ પેટ્રોલીંગમાં હતા ત્યારે સોવલા ચોકડીથી ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ હાથમાં થેલા સાથે પકડાયા હતા. થેલામાં ૭ નંગ ડીયુનિટ હતા. જે જમીનમાં રહેતા ઓઈલ શોધવા વપરાય છે. ત્રણેયની પુછપરછમાં બહાર આવ્યું છે કે તે પૈકીના જીતેન્દ્ર ઉર્ફે ધમો જગદીશ નાયક, રહે. કલ્યાણપુરા કલોલે ડીયુનિટો આરસોડીયા નજીકથી ચોરી કર્યા હતા. આ ચોરીનો માલ સંજય મોહન બેંકરને આપ્યો હતો અને સંજયે આ યુનિટ મહેસાણાના ઈમરાનખાન રહીમખાન પઠાણને વેચવા સોલા ચોકડી બોલાવ્યો હતો. ત્રણેયની ધરપકડ કરીને ગાંધીનગર એલસીબીએ રૂ. ૧.૪૦ લાખના ડીયુનિટ કબ્જે લઈ સઘન પુછપરછ શરૂ કરી છે.

આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૨

આજ રોજ ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો ભાવનાબેન પંડયાના નિવાસ સ્થાનપ્લોટ નં. ૧૯૧/૨, સે-૪-એ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન રાખેલ છે. જેમાં ભાવિ ભકતોને હાજર રહેવા જણાવાયું છે.

સૌપ્રથમવાર સે. ૨૭માં શિવમહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

પવિત્ર ધનુ માસમાં મહાદેવજીના ગુણોનું ગાન કરતી વેદ અને શાસ્ત્રોના સારરૂપ મનને નિર્મળ કરતી અને ભક્તિભાવ જગાવતી શિવ મહાપુરાણ કથાનું સૌ પ્રથમ વખત સે. ૨૭ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

શિવ ઉપાસક સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૧૬ થી ૨૨ ડિસેમ્બર દરમ્યાન દરરોજ બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન નવરાત્રી ચોક સે. ૨૭ ખાતે કરવામાં આવશે. શિવમહાપુરાણ કથામાં નગરના ભાવિ ભકતોને લાભ લેવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલથી દહેગામ-ડભોડા જવાના મુખ્ય માર્ગ નજીકના વિશાળ તોતિંગ ઝાડના નડતરરૂપ અને જોખમી ડાળા-પાંખરા દૂર કરવાની કામગીરીનું અભિયાન ચાલી રહ્યું છે. જેમાં વનવિભાગ દ્વારા આ રોડ પર વર્ષો જૂના તોતિંગ ઝાડ આવેલાં છે. પરિણામે રોડ પર સતત વાહનોની અવર જવર રહે છે. પરિણામે કુદરતી આફતને કારણે કદાચ તોતિંગ ઝાડના નમી પડેલા નડતરરૂપ અને જોખમી ડાળાં દૂર કરવાની જરૂરિયાત જણાતાં વન વિભાગ દ્વારા કાપવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ દ્વારા ઝુંપડાવાસીઓ દ્વારા ફેલાવાતી ગંદકી બાબતે જાગૃતિ કેળવવા હાંકલ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ખાતે મોટા ભાગના સેકટોરની નજીક અને ફેન્સીંગ વાળી જાળીમાં ઝુંપડપટ્ટીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે તેમજ આ ઝુંપડપટ્ટીના રહેવાસીઓ દ્વારા તેમના રહેઠાણની નજીકમાં જ ગંદુ પાણી, એંઠવાડ, કચરો અને નકામી વસ્તુઓ નાંખી ગંદકી ફેલાવી રહ્યા હોય છે. તેમજ રોડ સાઈડે જ સંડાસ જવા બેસે વગેરે કારણોથી ગંદકી અને રોગજન્ય જંતુઓનો ઉપદ્રવ થાય છે.

આથી તે લોકોને સમજાવી ગંદકી ન થાય તે રીતે જીવવા અને કામ કરવા તેમજ તેમના રહેઠાણોની નજીક શૌચાલયો ઉભા કરી તેનું યોગ્ય સંચાલન કરવા સ્વચ્છતા અભિયાન ચલાવવા, શહેરીજનોમાં પ્લાસ્ટીકનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરાય અને પ્લાસ્ટીકનો કચરો જ્યાં ત્યાં ના નાંખવામાં આવે તે માટે જાગૃતતા લાવવી, શહેરમાં આશરે ૨૦૦૦ થી વધુ રખડતા કુતરા છે તેમની વસ્તી વધતી અટકાવવા પગલા લેવા તેમજ અસંખ્ય રખડતા ઢોરો અંગેના પ્રશ્નોનો નિકાલ લાવવા અંગે સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ દ્વારા અભિપ્રાય આપવા અને શહેરના નાગરિકો દ્વારા પ્રમાણિકતાથી સાથ આપવા તેમજ મનપા દ્વારા આ બાબતે ગંભીરતાથી વિચારવા હાંકલ કરાઈ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સે. ૨૪ ખાતે બજરંગદાસબાપાનો ૮મો પાટોત્સવ બાપા સીતારામ પરીવાર તરફથી છેલ્લા આઠ વર્ષથી ઉજવાઈ રહ્યો છે. ગઈકાલે તેમના ભજનોનો કાર્યક્રમ રાત્રીના ૯ થી ૧૨ દરમ્યાન યોજવામાં આવ્યો હતો.

લીંબડીયા ગામે જૂથ અથડામણમાં સામ-સામે ફરીયાદો નોંધાઈ

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના નેશનલ હાઈવે-૮ પર આવેલ લીંબડીયા ગામે તાર ફેન્સિંગ તથા જમીનના મામલે બે જૂથો વચ્ચે સામસામે અથડામણ થવા પામી હતી. જેમાં ગામના મહિલા સરપંચ તથા તેમના પતિ તથા ગામના અન્ય એક જૂથ વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં દારિયા તથા લાકડીઓ વડે હુમલો થયો હતો. જેમાં સરપંચ તથા તેમના પતિ તથા અન્યને ઈજા પહોંચી હતી. તેમને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે સરપંચના સામા પક્ષના લોકોને લાકડીયો ગડદાપાટુનો માર મારતાં બંને પક્ષોએ સામસામે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવમાં લીંબડીયા ગામના મહિલા સરપંચ તથા તેમના પતિ હર્ષદભાઈ પટેલ માણસો સાથે પંચાયતની જમીનમાં શાળાના કોન્ટ્રાક્ટર પાસે તાર ફેન્સિંગની કામગીરી કરતા હતા. ત્યારે લીંબડીયા ગામના રહેવાસી જયંતિભાઈ પટેલ તથા તેમના માણસો ઉશ્કેરાઈ જઈને બિભત્સ ગાળો બોલીને હિંસક હુમલો કર્યો હતો. ત્યારે ફરિયાદી અને તેના માણસોને ગડદાપાટુ કરી માર મારી નાની-મોટી ઈજાઓ પહોંચાડી હતી. જેમાં ઝપાઝપીમાં અને મારામારીમાં દોરો અને મંગળસુત્ર તુટી જવા પામ્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

જ્યારે સરપંચના સામાપક્ષે થયેલી અથડામણમાં જયંતિભાઈ દયાભાઈ પટેલે તેમના માણસોને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અથડામણમાં જયંતિભાઈની પત્નીનો સોનાનો દોરો પડી ગયો હોવાનું પણ ફરિયાદમાં કરવામાં આવી છે. આમ લીંબડીયામાં થયેલી મારમારીના બનાવમાં સામ સામે ફરિયાદ નોંધાવતા તેમની વિરૂદ્ધમાં ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં સરપંચની ફરિયાદના વિરૂદ્ધ ત્રણ આરોપીની પોલીસે ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે. જ્યારે અન્ય ઈસમોની ધરપકડ કરવા ડભોડા પોલીસે ગુના હેઠળ ધરપકડ કરવાના ચકો ગતિમાન કર્યા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

જાગૃત નાગરિક પરિષદ સે. ૧-૨ના પ્રશ્નોને વાચા આપશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ શહેરના સેક્ટર-૧ અને ૨માં રહેતા રહીશોના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા તા. ૨૮ ડિસેમ્બરના રોજ શનિવાર બપોરે ૩.૦૦ કલાકે સે. ૨ના બગીચામાં મિટીંગનુંઆયોજન કરવામાં આવ્યું છે. તો આ મિટિંગમાં સેક્ટર-૧ અને ૨ ના રહિશોએ હાજર રહેવા જણાવ્યું છે.

છેતરપીંડીના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓ ઝડપાયા

વોન્ટેડ આરોપીઓને પકડવા માટે રેન્જ ડીઆઈજી રાજીવ રંજન ભગતની સુચનાથી ચાલી રહેલી ડ્રાઈવને પગલે ગાંધીનગર એલસીબીના પીએસઆઈ એચ.કે. સોલંકીએ બાતમી મેળવીને અડાલજ પોલીસ સ્ટેશનની હદમાંથયેલી છેતરપીંડીના બે નાસતા ફરતા આરોપીઓને ઝડપી લીધા છે. રાજીવ મોહનલાલ સાંડ અને જીતેન્દ્ર બાબુલાલ ભણસાલી રહે. દિપીકા સોસાયટી, ડફનાળા રોડ, શાહીબાગ બન્ને શખ્સોને અડાલજ ચોકડી પાસે મહારાજા હોટલ પાસેથી પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા એક દિવસીય બેંકર્સ વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૨

વડાપ્રધાન રોજગાર સૃજન કાર્યક્રમ અંતર્ગત ખાદી ગ્રામોદ્યોગ આયોગ દ્વારા એક દિવસીય બેંકર્સ વર્કશોપ તા. ૧૧મી ડીસેમ્બરે ચિલોડા ખાતે આવેલ એસ.પી. સ્પા રિસોર્ટમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન, ખાદી ગ્રામોદ્યોગના સ્ટેટ ડાયરેક્ટર સંજય હેડાઉ, દેના બેંકના ઝોનલ મેનેજર એમ.એસ. શાહ, નાબાર્ડના ડીડીએમ વિનોદ વિદ્યાર્થી, બેંક ઓફ બરોડાના રીજીયોનલ મેનેજર એમ.એસ. પંચાલ, બેંક ઓફ ઈન્ડીયાના ઝોનલ મેનેજર રાજીવ પાઠક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના રીજીયોનલ મેનેજર સુ. શ્રી કુંકુ ગાંગુલી, દેના ગુજરાત ગ્રામિણ બેંકના ચેરમેન જી.કે. પાનેરી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં બેંકીંગ કર્યાને વધુમાં વધુ લોકો સુધી કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે ચિંતન કરવામાં આવ્યું હતું. તેમજ બેંકો રોજગાર ક્ષેત્રે છેવાડાના માનવીને સહાયરૂપી થાય તે માટે જણાવાયું છે.



ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા મોટા ખાતે ૬ઠ્ઠી ડિસેમ્બરે હોમગાર્ડઝ સ્થાપના દિન તથા નાગરિક સંરક્ષણની ઉજવણીના ભાગ રૂપે પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળાના પટાંગણમાં દબદબાપૂર્વક હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના પ્રમુખ સ્થાને પી.આઈ. કે.કે. પંડયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હોમગાર્ડઝ જવાનો દ્વારા ચિલોડા ગામમાં પ્રભાતફેરી સાફ સફાઈ અભિયાન તથા પ્રાંતિયા ખાતે ખાસ સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૧૫૦થી વધુ હોમગાર્ડઝ જવાનો શિસ્તબધ્ધ રીતે કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં હોમગાર્ડઝ યુનિટ ચિલોડાના એન.જે. સોલંકી, બાબુભાઈ જાદવ વસરામભાઈ તથા નટુભાઈ પટેલ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકોને ફળફળાદિ તથા બિસ્કીટ આપી માનવતાની મહેંક પ્રસરાવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૦

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ હંગર ગેંમ: કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦
કલબ-૬૦ : ૧૨.૪૦
હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. :૬.૪૦
: સ્ક્રીન-૨ :
આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫
: સ્ક્રીન-૩ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦
રામલીલા : ૧.૪૦, ૭.૪૦
બુલેટ રાજા : ૪.૪૦

આર વર્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતર : ૧.૧૫, ૧૦.૩૦
રામ લીલા : ૪.૧૫
હેપ્પી ફેમીલી પ્રા.લિ. (ગુજરાતી) : ૭.૧૫

સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
આર. કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જેકપોટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
લકી કબૂતરા : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
રામલીલા : ૧.૦૦, ૭.૦૦

વિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સામાજિક

- સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ અને એસ.બી. પટેલ માધ્યમિક શાળા તથા રાષ્ટ્રીય સેવા યોજના એન.એસ.એસ. દ્વારા દશમું સોપાન 'બેટી બચાવો' વિષય પર દશમી શિબિરનો પ્રારંભ સવારે ૯.૦૦ કલાકે કોલવડા પગાર કેન્દ્ર શાળા ખાતે યોજાશે.

આપની આજ

મેષ : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

મિથુન : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

કર્ક : મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન-મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કાર્ય થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

ધન : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

મકર : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

કુંભ : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

મીન : કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. પરથીભાઈ ચૂનીલાલ લુહાર (ઉ.વ. ૪૫) પ્રેસના છાપરાં, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. કનુભાઈ સાંકાભાઈ પટેલ (ઉ.વ. ૬૩) સી-૧૦૨, પ્રમુખનગર, મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કચરાજી મગનજી ઠાકોર (ઉ.વ. ૪૫) મુ.પો. ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમીલાબેન બાબુજી ઠાકોર (ઉ.વ. ૪૫)મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.